ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૫-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

શમે ના વેર વેરથી...

જમ્મુની કોટ ભલવલ જેલમાં બૉમ્બ વિસ્ફોટના ગુના હેઠળ જન્મટીપની સજા ભોગવતા પાકિસ્તાની નાગરિક સનાઉલ્લાહને ગત ત્રીજી મેના દિવસે સરબજીતસિંહની હત્યાથી ઉશ્કેરાઈને કુહાડીના ઘા ઝીંકી વેરની વસૂલાત કરવાનો પ્રયાસ કરાયો તે ખરેખર નિંદનીય છે. ઘણી જહેમત છતાં ચંડીગઢના પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યૂટ ખાતે એનું મૃત્યુ થતાં એનો મૃત્યુદેહ ખાસ વિમાન મારફત પાકિસ્તાન પહોંચાડવાની વ્યવસ્થા કરાઈ છે. ભારતીય કેદીઓ પણ પાકિસ્તાની કેદીઓ જેટલા ક્રૂર બની શકે છે અને હિંદુના ખૂનનો બદલો મુસલમાનને મારી નાખીને લઈ શકે છે એવું પ્રતિપાદિત કરવાની હિંસક માનસિકતા આખરે તો વેર વધારનારી જ નીવડે. સરબજીતની ઘાતકી હત્યા કરાવીને પાકિસ્તાની કટ્ટરપંથીઓએ એમનું પોત પ્રકાશ્યું હતું. આખી દુનિયામાં એ ઉઘાડ પડી ગયા હતા. જેલમાં ફાંસીની સજા અન્વયે અનેકવિધ યાતાનાઓનો ભોગ બનનાર સરબજીત હકીકતમાં પાકિસ્તાની રેન્જરોની ગફલતને કારણે ફાંસીની સજા પામ્યો હતો. બૉમ્બ વિસ્ફોટનો ગુનો કરનાર કોઈ મનજીતસિંહ હતો. પરંતુ અંધેરી નગરી જેવા પાકિસ્તાન તંત્ર માટે તો મનજીત ન મળે તો એનો ભાઈ જે હાથ લાગે એને શૂળીએ ચડાવી દેવો એ જ અંતિમ લક્ષ્ય હતું. એટલે સરબજીતનાં ઝુઝારૂં બહેન દલબીર કૌર આકાશપાતાળ એક કર્યા, ખુદ ભારતના વડાપ્રધાને પણ પાકિસ્તાનના પ્રમુખને નિર્દોષ સરબજીતને છોડી મૂકવા અપીલ કરી છતાં પાકિસ્તાનના પેટનું પાણી સુધ્ધાં ન હાલ્યું તે સર્વવિદિત છે. છેલ્લે સરબજીતને ક્રૂર રીતે રીબાવી રીબાવીને મારી નંખાયો અને વારંવારની રજૂઆત છતાં એને વધુ સારી સારવાર માટે ભારત મોકલવાની બાબત પાક સરકારે કાને ન ધરી તે ન જ ધરી. સનાઉલ્લા તો બૉમ્બ વિસ્ફોટમાં પકડાયેલો સાચેસાચો ગુનેગાર હતો. પરંતુ ભારતીય અદાલતે એને જનમટીપ જ ફરમાવી હતી. કોટ ભલવલ જેલ ખાતે એ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતો બતાવાયો છે, એને શરણાઈ કે ભૂંગળ જેવું વાદ્ય વગાડજે દર્શાવાયો છે અને પરેડમાં ભાગ લેતો બતાવાયો છે તે જ દર્શાવે છે કે જેલમાં તંત્ર એ બીજા કેદીઓ કરતાં વિશેષ માનમરતબો ભોગવતો હતો. પાક વહીવટી તંત્રે સનાઉલાની હત્યાની આંતરરાષ્ટ્રીય એજન્સી મારફત તપાસ માગી છે, જે દેખીતી રીતે જ ભારત સરકારે અમાન્ય ઠેરવી છે. પાકિસ્તાને ભારતીય વિદેશખાતાના અધિકારીઓ કે સરબજીતનાં સગાંવહાલાં સાથે દાખવેલ અકકડ વલણ સામે ભારતે સનાઉલ્લાનાં સંબંધીઓ સાથે અને પાક અધિકારીઓ પ્રત્યે ઘણો ઉદાત્ત વ્યવહાર દાખવ્યો છે. પરંતુ આ રીતે સરબજીતની હત્યાનો બદલો લેવો તે કોઈપણ એંગલથી ઉચિત ન જ ગણાય એનો આપણે જાહેરમાં એકરાર કરવો જોઈએ. પાકિસ્તાન સાથે પાકિસ્તાન જેવા થવાથી આપણે આપણી ખાનદાનીને જ બટ્ટો લગાવીશું, તે ન ભૂલવું જોઈએ. ભારત સરકારે તાબડતોબ પગલાં ભરી કોટ ભલવલ જેલના જવાદાર અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે અને દેશની અન્ય જેલોમાં સજા ભોગવી રહેલા પાડોશી મુલકના કેદીઓની સુરક્ષા વધારી દેવાઈ છે. સનાઉલ્લા ઘટના એ આપણા કપાળ ઉપરની કાળી ટીલી છે. અહિંસાના અને અવૈરના સિદ્ધાંતને વરેલા આપણા મહાન દેશમાં પરદેશી કેદીની જેલમાં જ આવી ઘાતકી હત્યા થાય તે આપણી મૂઠી ઊંચેરી માનવતાવાદી ઓળખને ઝંખવાવતી બાબત છે. આ કિસ્સા પરથી આપણા જેલ તંત્રે વધુ સાવધ રહેવું પડે એવો બોધપાઠ લેવાની જરૂર છે. સરબજીતના આત્માને પણ સનાઉલ્લાની ઘાતકી હત્યાથી વ્યથા જ પહોંચી હશે. વેરથી વેર શમતું નથી, એ ભગવાન બુદ્ધનો ઉપદેશ આપણે યાદ રાખવો રહ્યો. હિંદુસ્તાનવાસીઓએ છાતી પર હાથ મૂકી કબૂલવું રહ્યું કે, આપણે સનાઉલ્લાની હત્યાથી ખુદ પોતાની આંખમાં નીચા ઊતરી ગયા છીએ. સબકો સન્મતિ દે ભગવાન.

હાઈસ્કૂલ ફાજલ શિક્ષકોનો પ્રાથમિક શાળામાં સમાવેશ

હાઈસ્કુલમાં વિદ્યાર્થીઓને ભણાવતા શિક્ષકો હવે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને પણ શિક્ષણના જરૂરી પાઠ શીખવશે

અમદાવાદ, તા.૧૦

ધોરણ-૮ને માધ્યમિક શાળામાંથી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં સમાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેનાં કારણે રાજ્યમાં અનેક શિક્ષકો ફાજલ થયા હતા. જેમને હવે ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં સમાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પરિણામે અત્યાર સુધી હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને ભણાવતા આ શિક્ષકો એક વિરામ બાદ હવે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શિક્ષણનાં પાઠ શીખવશે. આ ફાજલ શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં સમાવવા માટે દરેક જિલ્લાઓમાં તબક્કાવાર કેમ યોજાશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનાં ભાગરૂપે ધોરણ-૮ને માધ્યમિક શાળાઓમાંથી પ્રાથમિક રાજ્યમાં આવેલ ગ્રાન્ટેડ હાઈસ્કૂલોમાં ધોરણ-૮ ના વર્ગો બંધ થઈ જતા રાજ્યમાં અંદાજે ૧૨૦૦૦ જેટલા શિક્ષકો ફાજલ પડ્યા હતા. શિક્ષણ વિભાગ દ્વારા પ્રથમ આ શિક્ષકોને છુટા કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ત્યારબાદ માધ્યમિક શાળાઓમાં વર્ગોની સંખ્યા વધારવા અંગે પણ વિચારણા હાથ ધરાઈ હતી. જો કે સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ હવે આ શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં સમાવેશ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સમાયંતરે નિર્ણયમાં પુનઃ વિચારણા બાદ હવે ફાજલ શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક શાળામાં સમાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં વર્ગો ઘટતા જુદા જુદા વિષયોના ફાજલ પડેલ શિક્ષકો પૈકી ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને ભાષાનાં શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં સમાવેશ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જોકે આ શિક્ષકોને હવે કાયમી રીતે ભરતી નહીં કરાય પરંતુ ફાજલોને હંગામી ધોરણે ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં સમાવેશ કરવામાં આવશે. તેથી આગામી સમયમાં જો માધ્યમિક વિભાગમાં જગ્યાએ ખાલી પડે કે નવી જગ્યાઓ ઊભી થાય તો આ ફાજલ શિક્ષકોને પરત માધ્યમિક શાળાઓમાં નિયુક્તી આપી શકાય. શિક્ષણ વિભાગમાંથી પ્રાપ્ત થતી માહિતી મુજબ જિલ્લા શિક્ષણ કચેરીઓ દ્વારા દરેક જિલ્લામાં તબક્કાવાર આ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જેમાં જિલ્લાની કોઈ નિશ્ચિત જગ્યાએ ફાજલ શિક્ષકોનો કેમ્પ યોજીને તેમને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં નિમણુંક આપવામાં આવશે. રાજ્યનાં ચાર જિલ્લાઓમાં માધ્યમિકના ફાજલ શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં સમાવવાની કામગીરી પૂર્ણ કરી લેવામાં પણ આવી છે. ઉલ્લેખનીય છે કે રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૬ થી ૮માં વિવિધ વિષયોના મળીને કુલ ૧૫,૮૬૦ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે.

એસોસીએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીની ૮૭મી કુલપતિઓની વાર્ષિક પરીષદ ગોરખપુર ઉત્તરપ્રદેશ ખાતે મળી હતી. તે પ્રસંગની તસ્વીરમાં ઉદ્ઘાટન સમારોહમાં રાજ્યપાલશ્રી બી.એલ. જોષી, યુ.જી.સી. ચેરમેન પ્રો. વેદપ્રકાશ, તેમજ ઉપસ્થિત દેશભરના કુલપતિશ્રીઓ, ગુજરાત રાજ્યના ભાગ લઈ રહેલ કુલપતિશ્રીઓ, ડ્રાફ્ટીંગ કમીટીમાં મુસદ્દો તૈયાર કરી રહેલ ડો. કમલેશ જોષીપુરા, કુલાધિપતિશ્રી તેમજ યુ.જી.સી. ચેરમેન પ્રો. વેદપ્રકાશને આઈ.આઈ.ટી.ઈ.ની વિગત આપી રહેલ શ્રી જોશીપુરા તેમજ લેવાયેલા નિર્ણયોની ઘોષણાના મહત્વપૂર્ણ સત્રમાં ડાયસ પર ડો. કમલેશ જોશીપુરા નજરે પડે છે. ગુજરાતના કુલપતિ સર્વશ્રી પ્રો. હરીશ પાઢ, હર્ષદભાઈ શાહ, ડી.આર. કોરાટ, ડો. શર્મા વગેરે નજરે પડે છે.

સાહેબ અમે શું કામ ભીખ માંગીએ છીએ ! એવા જુના સવાલ ન પૂછો... આમાં વિડીયો પ્રેઝન્ટેશન છે પાંચ મિનિટ જોઈ લો...

કુલપતિએ શિક્ષણ વિભાગને બંધ કવરમાં ખુલાસો આપ્યો

અમદાવાદ, તા.૧૦

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિના સત્તાવાર નિવાસ સ્થાને સ્વિમીંગ પુલ બનાવવાને લઈ વિવાદ સર્જાયો હતો. જેનાં પગલે રાજ્યનાં શિક્ષણ વિભાગ દ્વારા આ મુદ્દે કુલપતિ સમક્ષ ખુલાસો માંગવામાં આવ્યો હતો. જેના જવાબમાં યુનિવર્સિટીના કુલપતિએ બંધ કવરમાં પોતાનો ખુલાસો શિક્ષણ વિભાગને મોકલી આપ્યો છે.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિના સત્તાવાર નિવાસસ્થાને સ્વિમીંગ પુલનું ૬૦ટકા કામ પૂર્ણ થઈ ગયા બાદ બાંધકામ સમિતિમાં રૂપિયા ૧૭.૪૪ લાખનો ખર્ચ મંજુરી માટે મુકવામાં આવ્યો હતો. બાકી તો યુનિવર્સિટીના વિવાદાસ્પદ અને સિન્ડિકેટ સભ્યોની મંજુરી વિના જ પોતાની રીતે જ સ્વિમીંગ પુલ બાંધકામની કામગીરી હાથ ધરાઈ હતી. જેનો સિન્ડીકેટ સભ્યો અને મીડીયા દ્વારા જોરદાર વિરોધ કરાતા સમગ્ર મામલે વિવાદ સર્જાયો હતો. વિવાદ સમાવવા રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા હસ્તક્ષેપ કરવો પડ્યો હતો. અને સ્વિમીંગ પુલની કામગીરી અટકાવવાઈ સ્વિમીંગ પુલ મામલે ખુલાસો કરવાનો કુલપતિ આદેશપાલને આદેશ અપાયો હતો. જેનાં જવાબમાં આખરે કુલપતિ આદેશપાલે આજે બંધ કવરમાં શિક્ષણ વિભાગને મોકલી દેવામાં આવ્યા છે ત્યારે આ મામલે શિક્ષણ વિભાગ દ્વારા વિવાદાસ્પદ કુલપતિ સામે કોઈ કાર્યવાહી કરાશે કે નહીં તે તરફ તમામ લોકોની મીટ મંડાયેલી છે. ઉલ્લેખનીય છે કે કુલપતિનાં નિવાસસ્થાને સ્વિમીંગ પુલ બનાવવા મુદ્દે ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. જેના કારણે સ્વિમીંગ પુલનું બાંધકામ અટકાવી દેવા માટે શિક્ષણ વિભાગે આદેશ કર્યા હતા. જેનાં પગલે કુલપતિને સ્વિમીંગ પુલનું બાંધકામ અટકાવી દેવાની ફરજ પડી હતી. જોકે પુલ બનાવવા માટે ટેન્ડર સહિતની પ્રક્રિયા સત્તાવાર રીતે યુનિવર્સિટીના ખર્ચે હાથ ધરાતા સિન્ડિકેટ સભ્યોમાં ઉગ્ર રોષ વ્યાપી ગયો હતો.

ચિલ્ડ્રન ધી હોપ ઓફ નેશન વિષય પર ફોટોગ્રાફી સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા ચિલ્ડ્રન ધી હોપ ઓફ નેશન વિષય પર ૧૭મી રાષ્ટ્રીય કક્ષાની ફોટોગ્રાફી સ્પર્ધા કલર તેમજ બ્લેક એન્ડ વ્હાઈટ એમ બે વિભાગમાં સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

દેશના ફોટોગ્રાફી ક્ષેત્રના કલાકારોને પ્રોત્સાહન મળે તથા તેમનો ઉત્સાહ વધે તેમજ આમ જનતાની ફોટોગ્રાફી કલા પ્રત્યે વિષયલક્ષી રૂચી કેળવાય તેવા આશયથી ૧૭મી રાષ્ટ્રીય ફોટોગ્રાફી સ્પર્ધામાં ભારત દેશના કલાકારો, કલાના ચાહકો, કલા સંસ્થાના વિદ્યાર્થીઓ પાસેથી ફોટો કૃતિઓ સ્પર્ધા માટે મંગાવવામાં આવી છે. ૧૭મી જૂન-૨૦૧૩ થી ૨૯મી જૂન-૨૦૧૩ સુધી ફોટો કૃતિઓ સચિવશ્રી, ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી, રવિશંકર રાવળ કલા ભવન, લૉ ગાર્ડન, ભાઈકાકા ભવન સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬ ખાતે સ્વીકારવામાં આવશે. સ્પર્ધાનું ફોર્મ www.sucd.gujarat.gov.in ઉપર ગુજરાત રાજ્ય લલિકલા અકાદમીમાંથી ડાઉનલોડ કરી મેળવી શકાશે. કલર અને બ્લેક એન્ડ વ્હાઈટ એમ બે વિભાગમાં યોજાનાર સ્પર્ધામાં વિજેતા સ્પર્ધકોને ઈનામ અપાશે. પ્રથમ ઈનામ ૧૦,૦૦૦, દ્વિતીય ઈનામ ૭૦૦૦, તૃતીય ઈનામ ૫૦૦૦ રૂ. તથા ૧૦૦૦ રૂપિયાના પાંચ આશ્વાસન ઈનામ આપવામાં આવશે.

જાને કહાં ગએ વો દિન...!

વાત ડચતાં લઈ રહેલા ભારતીય સર્કસની...

બાળપણની યાદોના પટારામાં એ ટ્રક, એનો ઢગલાબંધ સામાન, જુદી જુદી સાઈઝનાં મજબૂત પાંજરાં, માત્ર બાળપોથીનાં ચિત્રોમાં જ જોયાં હતા એવા કદાવર પ્રાણીઓ, કેટલાક ભારતીય તો કેટલાક ભૂરિયા કલાકારો વગેરે બધું જેમનું તેમ સચવાયેલું છે. આપણા સૌના બાળપણની સ્મૃતિઓને સમૃદ્ધ કરનારી સર્કસ ઈન્ડસ્ટ્રી અત્યારે પસાર થઈ રહી છે. કંગાલિયતમાંથી હા. વરવું લાગે પણ આ જ વાસ્તવિકતા છે. માત્ર વિચારો કે છેલ્લે તમે પોતે ક્યારે સર્કસ જોવા ગયા હતા?

માંડ બે-ત્રણ વર્ષે એકાદ વખત શહેરમાં નજરે ચડતાં સર્કસનાં પોસ્ટર્સ જોઈને આંખો ચમકી ઊઠે છે? ૨૦મી એપ્રિલે આખું વિશ્વ જ્યારે સર્કસ ડે ઊજવાઈ ગયો. ત્યારે ભારતીય સર્કસ અને ગ્લોબલ સર્કસની તવારીખમાં એક લટાર થઈ જાય...

સર્કસ શબ્દ જ મૂળ ગ્રીકની દેન છે, એનો અસલ ઉચ્ચાર તો 'કિર્કોસ' થતો હતો. પરંતુ કાળક્રમે તેનું અપભ્રંશ થઈને 'સર્કસ' થયું છે. કિર્કોસનો મૂળ અર્થ રિંગ કે ગોળાકાર થતો હતો. દુનિયાના ઈતિહાસમાં રોમ શહેરમાં પેલેન્ટાઈન અને અવેન્ટાઈન પર્વતામાળા વચ્ચે સૌથી પહેલાં સર્કસ મેક્સિમમનું નિર્માણ થયું હતું. સંપૂર્ણ લાકડાના બનાવેલા આ સર્કસમાં ૨,૫૦,૦૦ લોકો એકસાથે બેસીને કરતબ જોઈ શકતા હતા. આજની તારીખે સર્કસ માટે મોખરાનું સ્થાન રશિયાને ફાળે જાય છે. જ્યાં નવમી જાન્યુઆરી ૧૭૬૮માં સૌથી પહેલો સર્કસનો પર્ફોર્મન્સ યોજાયો હતો. નેશનલ સ્કૂલમાં સર્કસ માટેની તાલીમ, શિક્ષણ આપવામાં આવે છે. રશિયામાં પણ ૧૮૭૬માં સારાતોવ સર્કસનું નિર્માણ થયું હતું. સારાતોવ સર્કસે અત્યાર સુધી અસંખ્ય એવોર્ડ અંકે કર્યા છે. જ્યારે ૧૯૯૯થી તો રશિયામાં ઈન્ટરનેશનલ સર્કસ ફેસ્ટિવલ પણ યોજાય છે. ક્રોન સર્કસ એટલે યુરોપિયન દેશોનું જાણીતું નામ. સર્કસ પ્રત્યે લોકોને માન પણ ભારોભાર. ૧૭ દેશનાં ૫૦ સભ્ય ધરાવતું યુરોપિયન સર્કસ એસોસિયેશન પોતાની વિરાસતને જાળવી રાખવા માટે આખા એપ્રિલ મહિનામાં જુદા જુદા કાર્યક્રમનું આયોજન કરે છે, જેનો ઉદ્દેશ સર્કસ સેકટરમાં સક્રિય લોકોને પ્રોત્સાહન આપવાનો અને આગળ વધારવાનો છે. અમેરિકાની વાત કરીએ તો આજની તારીખે પણ રિંગલિંગ બ્રધર્સનો દબદબો અકબંધ છે. રિંગલિંગ બ્રધર્સના સર્કસનો રસાલો એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્પેશિયલ ટ્રેનમાં લઈ જવામાં આવે છે. નવી પેઢીને સર્કસની સાથે સાંકળી રાખવા માટે ફલોરિડા સ્ટેટ યુનિવર્સિટી અને ઈલિનોઈસ યુનિવર્સિટી અહીં વિદ્યાર્થીઓને સર્કસના કરતબની બાકાયદા તાલીમ આપે છે. વિશ્વમાં જ્યારે સર્કસને કરિયરના એક ઓપ્શન તરીકે જોવામાં આવે છે ત્યારે બેહદ દુઃખ સાથે જણાવવું પડે કે ભારતમાં સર્કસ ઈન્ડસ્ટ્રીનો મૃત્યુઘંટ વાગી રહ્યો છે.



મૂળે પશ્ચિમનો વારસો ગણાતું સર્કસ ભારતમાં પહોચ્યું કેવી રીતે? બહુ જ રસપ્રદવાત છે. એક વિદેશીએ આપેલી ચેલેન્જનું પરિણામ છે કે સર્કસનું આગમન થયું ભારતમાં. પ્રાધ્યાપક વિષ્ણુપંત ચાતરેને ભારતીય સર્કસના પિતામહ કહેવામાં આવે છે. ચાતરે મહારાષ્ટ્રના અંકાલકોપના હતા. તેમણે ઘોડેસવારી અને સંગીત એમ બંનેમાં માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી હતી. શરૂઆતમાં તેઓ કુરૂડુવાડના રાજાના ઘોડેસવાર તરીકેની નોકરી કરતા હતા. એક વખત રાજા કુરૂડુવાડ સાથે વિષ્ણુપંત ચાતરે મુંબઈમાં વિલિયમ શિરિનાનું ઈટાલિયન સર્કસ જોવા ગયા. એ વખતે ચાતરેની ઘોડેસવારી અને ઘોડાઓ પ્રત્યેના લગાવને ચેલેન્જ આપતાં વિલિયમે કહ્યું કે, તમે તમારા ઘોડાને બે પગ પર ચાલતાં શીખવાડો તો જીત તમારી. બસ, આ પડકાર સ્વીકારી લીધો વિષ્ણુપંતે અને તેમના ઘોડાને બં પગ પર ચાલતો કરી દીધો. એમ કહોને એ જ ઘડીએ અંગ્રેજોને ટક્કર આપે એવું ભારતીય સર્કસ તૈયાર કરવાની તેમણે નેમ લીધી અને શ્રીગણેશ થયા ભારતીય સર્કસના. વર્ષો પહેલાં સર્કસ જોવું એ માત્ર શ્રીમંતો અને રાજવી પરિવારોનો જ ઈજારો હતો. વિદેશી સર્કસ જોવું એ સામાન્ય માણસના ગજા બહારની વાત હતી. વિષ્ણુપંતે દિવસરાત એક કરીને સર્કસનું નિર્માણ કર્યુંને ૨૦મી માર્ચ, ૧૮૮૦ના રોજ પહેલવહેલા શોનું આયોજન તેમણે કર્યું હતું. ચાતરેનાં પત્ની પણ જંગલી પ્રાણીઓને તાલીમ આપતાં. ચાતરેના ઈન્ડિયન સર્કસે માત્ર મુંબઈ ગરા જ નહીં, પણ ઉત્તર અને દક્ષિણ ભારતીયોને પણ ઘેલા કર્યા હતા. ચાર વર્ષના ટૂંકા સમયગાળામાં તો આ ઈન્ડિયન સર્કસ દક્ષિણ એશિયન રાષ્ટ્રો સુધી પહોંચી ગયું હતું. ત્યારબાદ તો વિદેશી તાલીમ લઈને અનેકોએ સર્કસના કામકાજમાં ઝંપલાવી દીધું. જોકે ૧૩૩ વર્ષ પહેલાં શરૂ થયેલી આ ઈન્ડસ્ટ્રી અત્યારે વેન્ટિલેટર પર છે. દિલ્હીમાં ઈન્ડિયન સર્કસ ફેડરેશન નામે એક સંસ્થા તો રજિસ્ટર્ડ છે. પરંતુ માત્ર શોભાના ગાંઠિયા જેવી. કેરળના થાલાસેરીમાં સર્કસ એકેડમી છે પરંતુ પરિણામ કંઈ વખાણવા જેવું નથી.

હકીકતમાં હાલના તબક્કે સંગઠનમાં સર્કસની ઉન્નતિમાં માટે કોઈ યોજના જ નથી. એકતાની જ વાત નથી તો પછી પ્રગતિ ક્યાંથી થઈ શકે. આ ઉપરાંત વિદેશમાં રશિયા, ફ્રાન્સ, જર્મની, દક્ષિણ આફ્રિકા અને કેનેડામાં સર્કસની ટ્રેઈનીંગ માટે સ્પેશિયલ સ્કૂલ-કોલેજ ચલાવાય છે. ત્યારે ભારતમાં તાલીમ આપવાની બાબતે શૂન્યાવકાશ પ્રવર્તે છે, જ્યારે ભારતમાં તો આ વ્યવસાય જ લોકોને બેકાર લાગે છે. ઈન્ડિયન સર્કસ ફેડરેશનમાં સભ્યની સંખ્યા ૧૫-૧૬ છે, જ્યારે સક્રિય તો માંડ ચાર-પાંચ જણ છે, એવું સર્કસ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા એક સર્કસના મેનેજરે જણાવ્યું હતું કે,

સર્કસના ગોલ્ડન યુગનો અસ્ત તો ટેલિવિઝન યુગના પ્રારંભથી થયો. અધૂરામાં પૂરું હોય તેમ સરકારના પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એક્ટ, ૧૯૬૦ અને ચાઈલ્ડ લેબર (પ્રોહિબિશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ ૧૯૮૬ના અમલીકરણે અમારા ઉદ્યોગની કમર ભાંગી નાખી હતી. સર્કસમાંથી સિંહ, વાઘ અને વાનરને કાઢી નાખ્યા પછી બાકી શું બચે? એની સાથે સર્કસમાંથી લોકોને ઘેલું લગાડતા બાળ- કલાકારોની બાદબાકી કરી દીધી. કારણ પૂછો તો જવાબ મળે ચાઈલ્ડ લેબર ન ચાલે. સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે ૧૪ વર્ષના બાળક સાથે કામ કરવામાં ગુનો બને છે ત્યારે સ્વૈચ્છીક સંસ્થાઓ ૧૭ વર્ષના બાળક સાથે કામ કરવામાં કોલર પકડતી હતી. પરિણામે સર્કસમાં કાર્યરત બાળકો કાઢવા પડ્યા હતા. જોકે તે બધાનું ભવિષ્ય આજની તારીખે અંધકારમય છે. એવો જ ઘાટ ઘડાયો છે સર્કસમાંથી છોડાવેલાં જાનવરો સાથે. સર્કસમાં હતા ત્યાં સુધી એ જાનવરોને સમયસર જમવાનું ને રક્ષણ તો મળતું હતું. પરંતુ અહીંથી છોડાવ્યા બાદ કોઈએ એમના અસ્તિત્વની દરકાર કરી નહીં ને ટૂંક સમયમાં જ જીવ જેવાં વહાલા પ્રાણીઓ મૃત્યુ પામ્યા. બકરું કાઢતાં ઊંટ પેસવું તે કદાચ આને જ કહેવાતું હશે.

આમ જોઈએ તો મુશ્કેલીઓ અહીં પૂરી નથી થતી, અહીંથી શરૂ થાય છે. આકરા સરકારી કાયદાઓ સાથે જ પ્રેમિનન્ટ પ્લેસનો અભાવ પણ નડે છે. શહેરના છેવાડે કોઈ ખાલી મેદાનમાં સર્કસને ઉતારો મળે ત્યારે અંતરિયાળ વિસ્તારમાં સર્કસ જોવા કોણ આવે? આટલું ઓછું હોય તેમ આખા સ્ટાફ માટે પીવાનું પાણી અને પ્રાણીઓ માટે ઘાસચારાની સમસ્યા પણ મોં ફાડીને ઊભી જ હોય છે. ખરેખર જ્યાં આભ જ ફાટ્યું હોય ત્યારે થીગડું મારવા ક્યાં જવું?

દરેક સર્કસમાં રિંગ માસ્ટર, જોકરથી લઈને સપોર્ટિંગ મેમ્બર, વિવિધ જાનવર મળીને લગભગ આશરે ૨૦૦ જણનો રસાલો હોય છે. પ્રત્યેક વ્યક્તિને તેના અનુભવ પ્રમાણે રૂા. ૫૦૦૦થી રૂા. ૧૫૦૦૦ સુધીનો પગાર મળતો હોય છે. હા, સ્ટાફને રહેવાનું, ખાવા-પીવાનું, ટ્રાવેલિંગ અને મેડિકલ અલાઉન્સ વગેરે સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવે છે. જો બધું સમુસૂતરું રહે તો આ ઈન્ડસ્ટ્રીનું વાર્ષિક ટર્નઓવર આશરે રૂા. ૩૦ કરોડ હોય છે. લગભગ ૨,૫૦૦થી ૩,૦૦૦ પરિવારને આજીવિકા રળી આપતી આ ઈન્ડસ્ટ્રીને નેટ પ્રોફિટ માટે હાથ પગ પછાડવા પડે છે.

આફટર ઓલ મોરલ ઓફ ધી સ્ટોરી એ છે કે જો આપણી ૧૩૩ વર્ષ જૂની આ વિરાસતના રખોપાં કરવા હશે તો સરકારે અને આપણે જ આ સેંકડો કલાકારોને પ્રોત્સાહન આપવું પડશે. - સંકલન : મિતેશ મોદી